# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સત્કર્મ સાચી રીતે કરવું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આપણા નંદ સંતોએ આપેલું એક દ્રષ્ટાંત છે. સૌરાષ્ટ્રમાં વડીલ હોય એને આતા કહે છે. આવા કોઈ આતાને જાત્રા કરવાનું મન થયું. સ્થિતિ ઘરની ગરીબ હતી. એટલે દીકરાને કહે છે મારી બીજી કોઈ ઈચ્છા નથી પણ મારે જાત્રા કરવી છે. દીકરા પણ બહુ ભાવિક હતા. હવે આટલી ઈચ્છા જાત્રા કરવાની આતાની છે એ આપણે ગમે તેમ કરીને પુરી કરવી. ઘરમાં સગવડ નહોતી એટલે ગામમાં કોઈ વેપારીની દુકાનેથી પાંચસો રૂપિયા ઉસીના લઈ આવ્યા અને આતાને આપ્યા. પગે લાગી ચાંદલો કરીને વિદાય આપી. આતા રૂપિયા લઈને ઉપડ્યા જાત્રા કરવા. અને સંતોએ તો ચોખ્ખું નામ લખ્યું છે કે ચાલતાં ચાલતાં રસ્તામાં ધોળકા આવ્યું અને સિઝન એવી સરસ જામફળની, માખણ જેવા જામફળ હો. અંદર કાંકરા જેવા બી પણ નડે નહીં. એવા મુલાયમ જામફળ, જાણે સાકર નાંખેલો માવો જોઈલો. એવા જામફળ મોટાં મોટાં વાડીમાંથી ખરીદ્યા. દાઢે ચઢ્યાં. જામફળ બહુ હારા છે. ત્યાં તો બીજું કંઈ મિષ્ટાન જોયું ધોળકાનું વખણાતું, એ ચાખી જોયું. આ તો બહુ હારૂં છે હો. આતા તો રોકાયા ધોળકામાં, ધરમશાળા વાળાને કહે છે તારે જગ્યા ખાલી છે ? હા. તમતમારે મહિનો રહો. હા ભાઈ ! મહિનો જ રહેવું છે. અને મહિનો રોકાઈ ગયા.

આ બાજુ બધાય વિચાર કરે છે. ઓહો...હો... ભગવાન અમારા આતાની તબિયત હારી રાખજો. અને હાચવજો. અલ્યા ભગવાન ક્યાં હાચવે !! આગળ જાય તો ભગવાન હાચવે ને. આતો અહીં જ પડેલા ધોળકામાં જ, પચાસ કિલોમીટર દૂર અને જામફળ ઉડાવે, પેંડા ખાય, જલેબી ખાય અને પછી રખડ્યા કરે ચારે બાજુ. આ રીતે ધોળકામાં મહિનો થયો ને આ બાજુ પાંચસો રૂપિયાએ પુરા થવા આવ્યા.

હવે આતા વિચાર કરે છે કે ઘેર જઉં પણ છોકરાને છાપ પાડવા કંઈક તો કરવું પડશે. એટલે ધોળકાના મલાવ તળાવની માટી ઉપાડી અને બે-ચાર શીશીઓમાં જુદું જુદું પાણી ભર્યું. અને થોડાક બજારમાંથી સાકરીયા લઈ લીધાં, પતાસા લીધાં. આ બધું ભેળું કરી અને અગાઉથી સંદેશો મોકલ્યો. હેમ-કુશળ મથુરા, વૃન્દાવન, અજોધાજી બધી જાત્રા કરીને આવું છું. ભગવાનની દયાથી કાંઈ તકલીફ નથી. છોકરાઓ તો બહુ ભાવિકને એટલે ઢોળ વાળાને બોલાવી આવ્યા. ગામવાળાને ભેગા કર્યા. અમારા આતા જાત્રા કરીને આવે છે. ઢોલ વગાડીને બધા આખું ગામ સામે આવ્યું. વધારે પડતા ભાવિકો તો પગમાં પડવા માંડ્યા. અમુક ભાવિકો કહે છે, આતા તમારા પગ ધોઈને પીએ. આતા મનમાં વિચાર કરે છે, છેટે રહેવામાં મજા છે. પગ શું ધોઈને પીશો !!! ધીમે ધીમે ઘેર આવ્યા. પાણીની શીશીઓ કાઢીને કહ્યું કે આ ગંગાજીનું જળ છે ને આ જમુનાજીનું છે. આ મથુરાનો પેંડો છે ને આ વૃન્દાવનના હાકરીયા છે. બહુ પ્રેમથી લાવ્યો છું.

બધી વાત તો પુરી થઈ ગઈ અને માણસો મળવા આવે ને બોલે કે આતા તમે તો તાજા થઈને આવ્યા, જાત્રા કરીને. નહી તો બધા જાત્રા કરવા જાય છે તો થોડાક સુકાઈને આવે છે. આતા બોલે કે ભગવાનની દયા. મનમાં વિચાર કરે છે કે ધોળકાના જામફળની દયા. હવે જેની પાસેથી પાંચસો રૂપિયા ઉછીના લીધા હતા તે વેપારી ધીમે ધીમે ભીંહ વધારવા માંડ્યો કે તમારા આતા તો યાત્રા કરીને પાછા પણ આવી ગયા.

હવે તમે ગમે તેમ કરો. પાંચસો રૂપિયા જેવી રકમ મને કકડે કકડે પણ આપવા માંડો. પણ ક્યાંથી આપે ! ઘરની સ્થિતિ ન હતી. છ મહિના થયા એટલે વેપારી જરા ઉકળ્યો. હવે એ વેપારી પણ ધાર્મિક હતો, બહુ આસ્તિક હતો. એક દિવસ આમને ઘેર આવ્યો. આતા બેઠેલા, છોકરા પણ બેઠેલા. વેપારી કહે છે જુઓ ભાઈ ! કાં તમે પાંચસો રૂપિયા આપો - છ-છ મહિના થઈ ગયા. અને જો રૂપિયા ન આપો તો પછી તમારા આતા જાત્રા કરી આવ્યા છે એનું પુણ્ય મને આપી દો. બ્રાહ્મણને બોલાવીને, તુલસી પત્ર મુકીને આતા બોલે, સંકલ્પ મુકે કે અમે જાત્રા કરી એ પુણ્ય હવે આ શેઠને સમર્પણ ..... એવો વિધિ કરો. તો દીકરા કહે છે, ના શેઠ બિલકુલ નહીં, મરી જઈએ, ખેતરનો કકડો વેચીને પણ તમારા રૂપિયા આપશું પણ જીંદગીમાં એકવાર અમારા આતાએ જાત્રા કરી છે ને એ પુણ્ય નહીં આપીએ. ત્યારે પેલા આતા ધીમેથી ઠુંહો મારીને કહે છે, દઈદે, દઈદે.... દઈ દેવા જેવું છે. આ જાત્રાનું પુણ્ય દઈ દેવા જેવું જ છે. આપી દે. અને બ્રાહ્મણને બોલાવી તુલસીને પાંદડે જ્યાં આતાનું પુણ્ય પેલા વેપારીને આપ્યું અને પહેલે જ ઝાટકે વેપારીને નુકશાન થયું અને બીજું, ત્રીજું આ આતાનું પુણ્ય લીધું ત્યારથી નુકસાન નુકસાન જ થવા માંડ્યું.

ભક્તો ! ભગવાને આપણને માનવ જન્મ આપ્યો એ આપણા જીવનું કલ્યાણ કરવા માટે આપ્યો છે. પણ આ સંસારના ભોગ-વિલાસમાં, મોજ-શોખમાં આશક્ત બનેલો માણસ એ ભૂલી જાય છે અને અંતે મુક્તાનંદ સ્વામીના શબ્દો છે એ પ્રમાણે થાય છે.......

**"કાશી કેદાર કે દ્વારકા દોડે,**
**જોગની જુક્તિ ન જાણી રે,**
**ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં,**
**ગોધો જોડાણો જેમ ઘાણી રે...."**

સત્કર્મ સાચી રીતે કરે તો જ સંસારના પાશથી છૂટી શકાય બાકી સંસારની ઘાણીમાંથી છુટાતું નથી.

●

## લીંબડીની લીલા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સવા બસો વર્ષ પહેલા ન તો ગાડી હતી કે રેલ્વે કે વિમાન હતા. એવા સમયમાં શ્રીજી મહારાજ ક્યાંઈક માણકીએ અસવાર થઈ પધારતા તો ક્યાંઈક પગપાળા જ વિચરતા.

એકવાર સ્વામિનારાયણ ભગવાન કારિયાણીમાં વિરાજમાન હતા. કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં રોકાયા હતા. છપ્પર પલંગ પર બેસી કથા વાર્તાનો વચનામૃતનો લાભ હરિભક્તોને આપી રહ્યાં હતા. તેવામાં મેમકાથી કેટલાક હરિભક્તો આવ્યા. આ હરિભક્તો મહારાજની આગળ મેમકા પધારવા વિનંતી કરવા લાગ્યા. મહારાજે તેમનું આમંત્રણ સ્વીકારી મેમકા જવા તૈયારી કરી. સ્વામિનારાયણ ભગવાન કારિયાણીથી મેમકા પધારતા હતા તે રસ્તામાં લીંબડીના દરવાજા પાસે આવ્યા ત્યારે એક માણસે કહ્યું, ઓ રૂપાભાઈ પટેલ તમારા ભગવાન આવ્યા છે. ગામને દરવાજેથી પસાર થાય છે. રૂપાભાઈ પટેલે તો દોટ મુકી હે મહારાજ ! ઉભા રહો ! હે મહારાજ ઉભા રહો ! બૂમો પાડતા પાડતા પાછળ ગયા. મહારાજ ઉભા રહ્યાં. હે મહારાજ ! કહી પગે લાગ્યા. મહારાજ ! આમ શા માટે ગામને દરવાજે થી ચાલ્યા જાઓ છો. મારે ઘેર પધારો. ખૂબ આગ્રહ કરીને શ્રીજી મહારાજને જમવા સારૂ પોતાના ઘરે તેડી ગયા. તે વખતે લીંબડીમાં કોઈ એક ધર્મ સમાજના પૂજ્ય ગણાતા હતા. એણે મોટા શેઠને બોલાવીને કહ્યું કે આ ગામમાં સ્વામિનારાયણ આવ્યા છે તે ભગવાન થઈને પૂજાય છે. માટે આજે એની પ્રભુતા મટાડવી છે. માટે તમે ચારજણા થઈ એમની પાસે જાઓ ને અહીં બોલાવી લાવો.

પછી આ ચાર શેઠિયાઓ પટેલને ઘેર આવ્યા. મહારાજને નમસ્કાર કરીને કહ્યું જે અમારા એક મોટા પૂજ્ય અહી છે. તેમને પ્રશ્નો પૂછવા છે. માટે તમે ત્યાં પધારો. શ્રીજી મહારાજે નમ્રતાથી કહ્યું: સારું અમે આવશું. પછી મહારાજ પોતાની સાથે એક મૂળજી શેઠ

અને બીજા બે-ત્રણ હરિભક્તોને લઈ અને એમના સ્થાનમાં પધાર્યા અને તે પૂજ્યે આસન નાખી દીધું. મહારાજ બિરાજ્યા. પછી એ પૂજ્ય બોલ્યા કે, તમે ભગવાન કેમ કહેવાઓ છો ? તમારે જોગી થવાની જરૂર હતી અથવા બ્રહ્મચારી, સન્યાસી, તપસ્વી ન થતાં ભગવાન થઈને કેમ બેસી ગયાં. શ્રીજી મહારાજ બોલ્યા, કે જો અમે જોગી થઈએ કે બ્રહ્મચારી થઈએ કે સન્યાસી થઈએ કે તપસ્વી થઈએ તો કોઈના કોઈ અમારી સામે આવે પછી અમે વિચાર્યુ કે આ બધામાં ભગવાન તો બહુ ઉદાર છે. ઠાકોરજી કંઈ બોલશે નહિ એમ જાણીને અમે ભગવાન થયા. તો એ પૂજ્ય બોલ્યા આ તો તમે ભગવાનનો વેશ કાઢ્યો છે. તો શ્રીજી મહારાજ કહે, કેવું હોય તો સાચા ભગવાન થવાય ? ત્યારે તે બોલ્યા, ભગવાન તો અંતર્યામી હોય અને તમે જો ભગવાન હો તો અમારા આ ચાર શેઠિયા અને પાંચમો હું જે સંકલ્પ ધારીએ એ તમે કહી દો તો ભગવાન સાચા.

ત્યારે મહારાજ બોલ્યા, જે તમારા સંકલ્પની વાત અમે તો શું આ અમારા ભક્તો પણ કહી દેશે. અને આ ત્રણ જણા અમારા ભક્તો તો ગૃહસ્થ છે. તમે એને ઓળખો છો. બોલો તમે કહો એની પાસે તમારા સંકલ્પો કહેવડાવીએ તો પછી શ્રીજી મહારાજ સાથે જે ભક્તો હતા. એમાંથી એક જણનું નામ આ પૂજ્યે લીધું. પછી મહારાજે આજ્ઞા કરી કે આ પાંચ જણના સંકલ્પ શું ચાલે છે. અત્યારે એ કહો. પછી આ ભક્તે દ્રષ્ટિ બંધ કરી સમાધિ કરી પાંચ જણના અંતરમાં પ્રવેશ કરી પાછા આવી અને વાત કરવા માંડી કે આ પૂજ્યનો આવો સંકલ્પ છે અને આ ત્રણ શેઠના સંકલ્પો આવા છે. એમ કહીને એક જણનું કહ્યું કે મારે અહીંથી ઉભા થઈ એક સ્ત્રી પાસે જવું છે. એને રૂપિયા દેવા છે. આ પ્રકારે પૂજ્ય, ચાંપસી શેઠ, ભીમજી શેઠ, તલપશીને, ખીમજી એ પાંચે જણના સંકલ્પોની વાત કરી. ત્યારે એ પાંચ જણને આશ્ચર્ય થયું. અને આ પૂજ્ય બોલ્યો, હે મહારાજ ! તમે ખરેખર મોટા પુરુષ છો. તમારી સાથે અમારે કંઈ વિવાદ કરાય નહિ. પછી મહારાજ ઉભા થઈ અને ચાલતા થયા.

પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન સર્વાન્તર્યામી છે. એવી ખાતરી આ પૂજ્યને થઈ. આપણે પણ સમજી રાખવું કે પરમાત્મા સર્વ કર્તા હર્તા છે. એમની ઈચ્છા સિવાય કાંઈ થતું નથી. એટલે જ કહ્યું છે કે,

**"તન કી જાણે મન કી જાણે જાણે ચિત્ત કી ચોરી**
**ઉનકે આગે કહા છુપાવું જીન કે હાથ મેં જગકી દોરી."**